
બાળકો અને
નવયુવાનો માટે
Bustan-e-Zehra Association
786-92-110
હાદી
માસિક
શાઅબાન, હીજરી સન ૧૪૩૧,
જુલાઈ-૨૦૧૦
یا صاحب الزمان
રૂા.
૩૦/-

القابض

# અલ્લાહના નેક નામો

# "અલ્ - કાબેઝો"

અલ્લાહના ગુણવાચક નામો પૈકી એક નામ 'અલ્ - કાબેઝો ' પણ છે. આ નામની ઘણી ખાસિયતો અને તેના ઘણાં ફાયદાઓ પણ બયાન કરવામાં આવ્યા છે.

**મહત્વનો અર્થ :-** આ વિશેષણ વાચક નામના ઘણાં અર્થ થાય છે. તે પૈકીના કેટલાંક નીચે મુજબ છે :

(૧) બધી જ વસ્તુઓને પોતાના શાસનમાં રાખનાર (૨) સમગ્ર સૃષ્ટિને પોતાની પકડમાં રાખનાર.

(૩) એ હસ્તી કે જે સમગ્ર સૃષ્ટિની દરેક વસ્તુની માલિક છે.

## કુરઆનમાંથી આ નામનું ઉદાહરણ :-

કુરઆને મજીદમાં આ વિશેષણનો અનેક આયતોમાં ઉલ્લેખ છે. ઉદાહરણ તરીકે સુરએ બકરહની આયત ૨૪૫ માં છે કે "એ કોણ છે કે ખુદાને કરઝે હસ્ના આપે છે, તેણે જે ધન દોલત ખુદાના માર્ગે (ખુદાની ખુશનદી માટે) ખર્ચ કર્યો છે, ખુદા તેનાથી અનેક ગણું ધન તેને આપશે. "વલ્લાહો યકબેઝો-વ-યબસોતો-વ-ઈલયહે તુરજ-ઊન" નિઃશંકપણે એકમાત્ર અલ્લાહ (પોતાના) બંદાઓની આજીવિકા (રોઝી)માં ઘટાડો કે વધારો કરનારો છે અને દરેકે તેની તરફ જ પાછા ફરવાનું છે. " (સૂરએ-બકરહ - ૨૪૫)

**માઅસૂમીન અ.સ. ની વાણી :-** આ વિશેષણનો ઉલ્લેખ માઅસૂમીન અ.સ.ની વાણીમાં પણ થયો છે. દા.ત. આપણે રમઝાન માસની સત્તાવીસમીની દુઆમાં પઢીએ છીએ કે "હે પડછાયાને ફેલાવનાર જો તું ઇચ્છે તો તું એને (પડછાયાને) એકજ સ્થાને રોકી રાખે ! તેં સૂર્યને પડછાયા માટે માર્ગદર્શક બનાવ્યો, પછી તેને કાબુમાં કર્યો અને તારી પકડ ઘણી મજબૂત છે.

## ખાસિયતો અને ફાયદાઓ :-

પરવરદિગારના આ વિશેષણવાચક નામના ઘણાં ફાયદાઓ છે, તે પૈકી કેટલાક નીચે મુજબ છે.

(૧) હઝરત ઇમામ રિઝા અ.સ. થી રિવાયત છે કે જો કોઇ વ્યક્તિને પોતાના શત્રુ તરફથી ભય હોય અને તેનો શત્રુ વધુ બળવાન હોય તો જો તે ત્રણ રાત સુધી સતત દરેક રાત્રે એક હજાર વખત "યા કાબેઝો" નો વિર્દ કરશે તો યા તો તે શત્રુ તેનો મિત્ર બની જશે અથવા તેની શત્રુતા ભૂલી જઇને અન્ય પ્રવૃત્તિઓમાં પરોવાઇ જશે.

(૨) કોઇ ખોટી રીતે કબ્જો કરી લીધો હોય તેવી ધન-દોલત સંપત્તિ પરત મેળવવા માટે ૯૦૩ વખત "યા કાબેઝો" નો વિર્દ કરવો ઘણો લાભદાયક છે.

(૩) જો કોઇ વ્યક્તિ ચાલીસ દિવસો સુધી સતત ચાલીસ કોળિયાઓ ઉપર "યા કાબેઝો" લખીને તે ખાઇ જશે તો ખુદાવન્દે આલમ તેને "ભૂખ" ની બીમારીઓથી જીવન પર્યંત આઝાદી બખ્શી દેશે.

(૪) પોતાની હાજતો પૂરી થાય, દુઆઓ કબૂલ થાય તે માટે દરરોજ ૯૦૩ વખત "યા કાબેઝો" નું વિર્દ લાભદાયક છે.


E-mail : hadimasik@yahoo.com

શાઅબાન, હીજરી સન ૧૪૩૧,
જુલાઈ - ૨૦૧૦

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

ખુશાલીઓથી ભરપુર શાઅબાનનો મહાન માસ આવી ગયો છે અને આપનો "હાદી" પણ આપના હાથમાં છે જે આપની ખુશી બમણી કરી રહ્યો છે.

વ્હાલા બાળકો ! આપની જ દુઆઓ અને શુભેચ્છાઓને કારણે આપનો આ "હાદી" ઘણીબધી દીની અને દુન્યવી જાણકારી લઈને દર મહીને આવે છે અને આવતો રહેશે.

આ શાઅબાન માસમાં આપણાં માટે ખુશાલીઓનો ખજાનો છે.

૩જી શાઅબાનના દિવસે આપણા વહાલા નબી સ.અ.વ. ના વહાલા નવાસા ઈમામ હુસૈન અ.સ. ની વિલાદત (જન્મ) થઈ હતી જેને કારણે સમગ્ર મદીના શહેરમાં અને નબીનું ઉપવન ખુશાલીઓથી છલકાઈ ઉઠ્યું હતું.

૧૫મી શાબાનના દિવસે આપણાં ઈમામે ઝમાના અજ. ની પણ પુણ્યશાળી વિલાદત થઈ હતી અને પંદરમી એ જ "શબે બારાત" પણ છે જે આપણા માટે ઘણી મોટી પ્રસન્નતાની તારીખ છે.

૪ શાઅબાનનો દિવસ પણ આપણા માટે એક મોટી ખુશાલીનો પ્રસંગ છે. કેમકે તે દિવસે આપણાં આકા - અબુલ ફઝલિલ અબ્બાસ - અલમદારે કરબલા - સક્કાએ સકીનાની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

વહાલા બાળકો ! આપણે આ દિવસોમાં એ બાબતનો ખાસ ખ્યાલ રાખવાનો છે કે શરીઅતની મર્યાદામાં જ રહીને ખુશાલી મનાવવામાં આવે. તબર્રુક અને મિઠાઈઓ વહેંચવી છે. સલવાત અને સલામ સાથે એકબીજા સાથે હાથ મિલાવવા છે અને એકબીજાને ભેટવાનું છે અને પોતાના મિત્રોને ભેટ સોગાદ આપવી છે.

આ માસમાં અમારા તરફથી આપને નેક દુઆઓ - સાથે આ હાદી છે - જેને બરાબર વાંચજો, મનન કરજો અને આ ખુશાલીના પ્રસંગોએ આપના આ હાદી માટે પણ તે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી દુઆઓ માંગવાનું પણ વીસરી જતાં નહીં - હોં.!

વસ્સલામ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
સાજીદ પંજ (Skype Graphics)
9898013082

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Bustan -E- Zehra Association
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# કુરઆનની જાણકારી





(૧) કુર્આન મજીદમાં દિવસ ૨૪ કલાક માટે "સાઅતુન" શબ્દનો પ્રયોગ થયેલ છે જે અરબી ભાષામાં રાત અને દિવસને દર્શાવવા વપરાય છે.

(૨) "અશ્શહર" શબ્દ અરબી ભાષામાં "માસ" (મહીના) માટે વપરાય છે. આ શબ્દ સાલના બાર માસના સંદર્ભમાં (કુરઆન મજીદમાં) ૧૨ વખત પ્રયોગાએલ છે.

(૩) "અલયવમ" શબ્દ અરબી ભાષામાં દિવસના અર્થમાં વપરાય છે. તે શબ્દ સૂર્યઆધારિત વરસ ના ૩૬૫ દિવસની બરાબર વખત વપરાએલ છે.





(૪) હજ માટે હાજી જ્યારે મક્કા જાય છે ત્યારે તેને ૭ વખત કાઅબાના તવાફ કરવા (ચક્કર કાપવા) પડે છે (પ્રદિક્ષણા કરવી પડે છે) કુરઆનમાં આ શબ્દ પણ સાત વખત જ આવ્યો છે.

(૫) કુર્આન મજીદમાં "અદ્દુન્યા" અને તેનો વિરોધી શબ્દ "અલ આખેરાહ" - બંને ૧૧૫ વખત આવ્યાં છે.

(૬) કુર્આન મજીદમાં "અલ મલાએકા" શબ્દ અને તેનો વિરોધી "અશ્શયાતીન" શબ્દ બંને ૮૪ વખત પ્રયોગાએલ છે.





(૭) અરબી ભાષામાં "અલ-હર્રુન" ગરમીના અર્થમાં અને તેનો વિરોધી શબ્દ "અલ-બર્દો" છે જે ટાઢક (ઠંડી) માટે વપરાય છે. કુર્આન મજીદમાં આ બંને શબ્દો ૪ વખત વપરાયા છે.

(૮) કુર્આનમાં "અલ્-કિસાઅ" શબ્દનો પાંચ વખત પ્રયોગ થએલો છે જે "અસ્હાબે - કિસાઅ" એટલે કે "ચાદરે - તત્હીર" માં એકત્ર થનાર પંજતને પાકની સંખ્યા સૂચવે છે.

# આત્મસુખ



એક વાડીની અંદર એક આંબો અને એક આસોપાલવનું ઝાડ બાજુબાજુમાં હતાં. સમય અને ઋતુઓના આવન - જાવન સાથે ગ્રીષ્મ ઋતુમાં આંબાના ઝાડમાં કેરીનો પાક શરૂ થાય ત્યારે બાળકો આંબાના ઝાડને ઈંટોના ઢેખાળા તેમજ નાના પથ્થરો મારીને કેરીઓ તોડવાનું શરૂ કરી દેતા હતાં. છોકરાઓ જ્યારે આંબાને મારતા ત્યારે આસોપાલવના ઝાડને મઝા પડતી. આંબાનું વૃક્ષ માર ખાય ત્યારે આસોપાલવનું ઝાડ પોતાને નસીબદાર માનતું અને આંબા માટે દયા આવતી.

એક દિવસ તેણે આંબાને કહ્યુ : જ્યારે જુઓ ત્યારે કોઈને કોઈ તમને પથ્થર મારીને કેરી તોડતું જ રહે છે, ત્યારે તમને બહુ જ પીડા થતી હશે. એના કરતાં કેરી ઊગતી ન હોય તો કેવું સારૂં ? આ વાત સાંભળીને આંબાના વૃક્ષે કહ્યું : એવું ન કહે, મારી ડાળીઓ પર કેરી ઊગે છે એનાંથી મને બહુ ખુશી થાય છે. આ જ કેરીને કારણે તો બાળકો તેના ઊગવાની રાહ જુએ છે અને ઊગે ત્યારે મારી પાસે આવે છે, તેનાથી મને બહુ ખુશી થાય છે.

આસોપાલવ કહે : પણ એમાં તને શો ફાયદો ? કાયમ માર ખાતો રહે છે. મને તો કોઈ એક કાંકરી પણ મારે નહીં. તારા કરતાં હું ક્યાંય વધુ ખુશ છું. એ સાંભળી આંબાએ કહ્યું : તારી ડાળી પર કોઈ ફળ ઊગતા નથી એટલે તને એનો આનંદ નહીં સમજાય. જેની પાસે કંઈક હોય એ જ બીજાને આપી શકે અને એજ તેનો ધર્મ છે. કંઈક આપવાથી આત્મસુખ મળે છે અને જો તમે આનંદથી આપતા હો તો તેમાં કોઈ પ્રકારની પીડા કે દુઃખ થતાં નથી. આ વાતનો જવાબ આસોપાલવ પાસે નહોતો અને તેથી તેણે આંબાને ધન્યવાદ આપ્યા. આપણી પાસે અલ્લાહે જે કંઈ પણ આપ્યું હોય તેમાંથી બીજાને તેની જરૂર મુજબ આપવાથી આપણને આનંદ મળે છે અને સાથે સાથે આત્મસુખ પણ મળે છે.





# હુસૈની નૂર (હુસૈની પ્રકાશ)

**પિતા :-** હઝરત અલી અ.સ.- ઇબ્ને - અબૂ તાલિબ - ઇબ્ને અબ્દુલ - મુત્તલિબ અ.સ.

**માતા :-** હઝરત ફાતેમા ઝહરા સલા. - બિન્તે - હઝરત મુહમ્મદ મુસ્તુફા સ.અ.વ.

**દાદા :-** હઝરત અબૂ તાલિબ ઇબ્ને અબ્દુલ મુત્તલિબ અ.સ.

**દાદી :-** હઝરત ફાતેમા બિન્તે અસદ બિન હાશિમ અ.સ.

**નાના :-** હઝરત મુહમ્મદ મુસ્તુફા - ખાતેમુન્નબીયીન - બિન અબ્દુલ્લાહ સ.અ.વ.

**નાની :-** હઝરત ખદીજા બિન્તે ખવચલ્દ અ.સ.

**જન્મ :-** (વિલાદત) ૩-શાઅબાનુલ મુઅઝ્ઝમ-૪ હિજરી / ૮૫ આમુલફીલ / ૮ જાન્યુઆરી ૬૬૬ ઇ.સ.

**જન્મ સ્થળ :-** મદીના મુનવ્વરા

**નામ :-** હુસૈન અને શબ્બીર

**કુનીયત :-** અબા અબ્દીલ્લાહ



**લકબો :-** રશીદ - વફી - તય્યબ - ઝકી - મુબારકા - તાબેઅ રેઝાતુલ્લાહ - દલીલો અલા ઝાતિલ્લાહ - સિબ્ત - સૈયદે શબાબે અહલલ જન્નાહ - સૈયદુશ્શોહદા

**અઝવાજ (પત્નિઓ) :** (૧) લયલા બિન્તે અબીમર્રા બિન ઉરવાહ બિન મસઉદેસકફી (૨) ઉમ્મે ઈસ્હાક બિન્તે તલ્હા બિન ઉબૈદુલ્લાહ તમીમી (૩) શહરબાનુ બિન્તે યજદજુર્દ (બાદશાહે ઇરાન) (૪) રૂબાબ બિન્તે ઉમરાઉલ કૈસ બિન અદી.

**પુત્રો :-** અલી અકબર - અલી અવસત (ઝૈનુલ આબેદીન અ.સ.) - જાઅફર - અબ્દુલ્લાહ (અલી અસગર અ.સ.)

**પુત્રીઓ :-** સકીના, ફાતેમા, આપની પુત્રીઓમાં ઝૈનબ અને રુકૈયાનું નામ પણ લેવામાં આવે છે.

**આપની વીંટીનો નક્શ :** હસ્બેયઅલ્લાહ

**તે સમયગાળાનો રાજકારણીય શાસક :-** મુઆવિયા - બિન અબૂસુફયાન અને તે પછી યઝીદ બિન મુઆવિયા મલઉન

**આપની ઇમામતનો પ્રારંભ :-** ૨૮ સફર ૫૦ સન હિજરી / ૧૩૨ આમુલફીલ / ઇ.સ. ૭૧૩, ૪૭ વરસની વયમાં

**આપની વય :-** ૫૭ વરસ.

**આપના જીવનના મહત્વના પ્રસંગો :-** હદીસે કિસાઅનો પ્રસંગ - મુબાહિલા - હજ્જતુલ વિદાઅ - ગદીરે ખુમ- નબીએ અકરમ સ.અ.વ. ની રહેલત - જનાબ સય્યદા સલા. ની શહાદત - જમલ - સિફ્ફીન અને નહરવાનના યુદ્ધો - અલી ઇબ્ને અબીતાલિબની શહાદત - ઇમામ હસન અ.સ. ની સુલહ - ઇમામ હસન અ.સ. ની શહાદત અને કરબલાનો પ્રસંગ.



# વેરાન થઈ ગએલી વસ્તી

જ્યારે બખ્તે નસ્ર સિહાંસને આરૂઢ થયો ત્યારે તેણે બની ઈસરાઈલના લોકોને કત્લ કરી નાંખીને તેમના પવિત્ર સ્થાન 'બયતુલ મુકદ્દસ' ને બાળી નાંખ્યું અને તેની લાશો માંસભક્ષી પ્રાણીઓ ખાઈ ગયાં. થોડા દિવસો પછી તે વસ્તીમાંથી હઝરત અઝીઝ પસાર થયાં, ત્યારે તેમણે આશ્ચર્ય સાથે કહ્યું : 'શું આવી વેરાન થઈ ગએલી વસ્તી પણ આબાદ થઈ શકે છે ?' તેમણે જ્યારે આ વિચાર્યું કે તરત જ ખુદાએ તેમના શરીરમાંથી તેમની આત્મા (રૂહ) લઈ લીધી. જાણે કે તેમને ઉંઘમાં સૂવાડી દીધાં અને તેમની સાથે જે દૂધ અને ભોજન સામગ્રી હતી તેને બગડવા ન દીધી. પરંતુ તેમનો ગધેડો મરી ગયો. જ્યારે સો વરસ થઈ ગયા ત્યારે ખુદાએ તેમને ફરીથી સજીવન કર્યાં ત્યારે તેમણે જોયું કે બૈતુલ મુકદ્દસ આબાદ થઈ ગએલ છે. ખુદાએ પુછ્યું 'અઝીઝ ! કેટલું ઉંઘ્યા હશો ?' તેમણે કહ્યું 'એક દિવસ અથવા તેનાથી કાંઈ વધારે' તે પછી ખુદાનો સાદ સંભળાયો કે 'ના ! તમે સો વરસ સુધી સૂઈ રહ્યાં હતાં.' અઝીઝે પૂછ્યું 'મારો ગધેડો ક્યાં ગયો ?' ત્યારે ખુદાવન્દે આલમે તેને પણ ફરી જીવિત કરી દીધો.





E-mail : hadimasik@yahoo.com



આમ સો વરસ પછી જ્યારે તે પોતાના ઘરે ગયાં તો તેમણે પોતાના પૌત્રો સુધ્ધાંને ઘરડાં થઈ ગએલા જોયાં અને તે પોતે તો યુવાન જ હતાં. (સો વરસની ઊંઘે તેમની વય વધારી મૂકી નહોતી. તેમના શરીર ઉપર તે સમયગાળાનો કોઈ પ્રભાવ થયો નહોતો) કોઈ તેમને ઓળખવા (અઝીઝ તરીકે સ્વીકારવા) તૈયાર નહોતું. આપ કહેતાં હતાં કે 'હું અઝીઝ છું.' પરંતુ લોકો તો એમ જ કહેતાં રહ્યાં કે 'અઝીઝ તો સો વરસથી ગુમ થએલાં છે અને તમે તો યુવાન છો. તમે અઝીઝ નથી.' આપની એક દાસી કે જે ૧૨૦ વરસની થઈ ગઈ હતી તે જિવીત હતી. પરંતુ તે આંધળી થઈ ગઈ હતી. જનાબ અઝીઝે તેના માટે દુઆ કરી તો તેની દૃષ્ટિ પાછી આવી ગઈ. તેણે કહ્યું કે જો આ અઝીઝ હોય તો તેમની પીઠ ઉપર એક તલ હશે. જ્યારે તે દાસીએ તેમની પીઠ ઉપર તલ જોયો તો તરત કહ્યું કે હા ! આ અઝીઝ જ છે.'

આવી રીતે જનાબ અઝીઝને ખબર પડી ગઈ કે ખુદાવન્દે આલમ બિલ્કુલ ઉજ્જડ થઈ ગએલ વસ્તીને પણ પાછી વસાવી શકે છે.



# માતા-પિતાનુ સ્થાન

હદીસો :

★ જાબિર જણાવે છે કે 'મેં સાંભળ્યું છે કે એક વ્યક્તિએ ઈમામ સાદિક અ.સ.ને એવી અરજ ગુજારી કે મારા માતા-પિતા બીજી તરફવાળા (એહલે સુન્નત પૈકી) છે. એટલે કે શીઆ નથી. શું મારે તેમને માન આપવું જોઈએ ?' ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું : તેમની સાથે એવી જ રીતે નેકી (સારો વર્તાવ) કરો જેવી નેકી (સારો વર્તાવ) તમે અમારા કોઈ મિત્ર સાથે કરો છો. (કાફી ભા.૨, પાન. ૧૬૨)

★ એક વ્યક્તિ હઝરત રસૂલે ખુદા સ.અ.વ પાસે આવ્યો અને અરજ કરી કે 'હે અલ્લાહના નબી સ.અ.વ. મારાથી ગુનાહ થઈ ગયાં છે. મારા માટે (ગુનાહની સજામાંથી) બચવાનો કોઈ માર્ગ છે ? આપ સ.અ.વ. એ ફરમાવ્યું: 'તારા માતા-પિતામાંથી કોઈ જીવિત છે ? તેણે કહ્યું 'હે અલ્લાહના નબી સ.અ.વ. ! મારા પિતા જીવિત છે ' આપ સ.અ.વ.એ ફરમાવ્યું: ' તો જાવ ! તેને માન આપો અને તેની સાથે અહેસાન કરો.' તે પછી ફરમાવ્યું : 'જો તારી માતા જીવિત હોત તો' (તો તેની સાથે એહસાનપૂર્વક વર્તવાથી તારા ગુનાહો જલ્દીથી માફ થઈ ગયાં હોત.) (બિહારુલ અનવાર - ભા.૭૪-પા.૮૨)

★ એક પ્રસંગ : ઈતિહાસમાં વર્ણન છે કે જનાબ ઉવૈસ કરની યમન શહેરમાં ઉંટોનો વેપાર કરતાં હતાં. એક દિવસ તેઓ પોતાની માતા પાસેથી વહાલા નબી સ.અ.વ.ના દીદાર (દર્શન) માટેની પરવાનગી લઈને મદીના આવ્યાં. આપની માતાએ આપને (મદીનામાં) ફક્ત અડધો દિવસ રોકાવાની પરવાનગી આપી હતી. તેઓ જ્યારે મદીના પહોંચ્યાં ત્યારે સંજોગવસાત નબીયે અકરમ સ.અ.વ. ઘરે બિરાજમાન નહોતાં. જનાબ ઉવૈસે તેમની માતાએ આપેલ પરવાનગીના સમય સુધી ત્યાં જ નબીયે અકરમ સ.અ.વ.ની પ્રતિક્ષા કરી અને તે અવધિમાં નબીયે અકરમ સ.અ.વ. પરત ન આવ્યાં તો દીદાર કર્યા વગર જ પરત ચાલ્યાં ગયાં. તે પછી જ્યારે નબી સ.અ.વ. ઘરે તશરીફ લાવ્યાં ત્યારે આપ સ.અ.વ. એ પૂછ્યું 'આ નૂર (પ્રકાશ) કોનું છે કે જેનાથી ઘર પ્રકાશિત છે ? જવાબ મળ્યો કે ઉવૈસ નામનો એક વ્યક્તિ આપના દીદાર માટે અહિયાં આવ્યો હતો અને હવે તો પરત ચાલ્યો ગયો છે. આપ સાહેબ સ.અ.વ.એ ફરમાવ્યું 'હા-ઉવૈસ મારા ઘરમાં આ નૂર હદિયા તરીકે મૂકીને ગયાં છે.''

આ જનાબ ઉવૈસની માતાની આજ્ઞાંકિતતાનું જ પરિણામ હતું કે નબી સ.અ.વ.એ ફરમાવ્યું: 'જન્નતની સુગંધ કરન (મરવ)ની દિશામાંથી આવે છે. હે ઉવૈસ ! હું (પણ) તમારા દીદારની એટલી જ ચાહના ધરાવું છું.

(પુસ્તક હુકૂકે વાલેદૈન - પાન.૩૨૬-૩૨૮)'





E-mail : hadimasik@yahoo.com

# મગજ કસો

## નીચેના કોઠામાંથી ખરા જવાબ શોધો.

| | | | |
|---|---|---|---|
| મહદી અજ. | ઇસ્માઇલ અ.સ. | શબેબરાત | બિલ્કીસ |
| સાલેહ અ.સ. | ઉઝૈર અ.સ. | યુનુસ અ.સ. | ઇબ્રાહીમ અ.સ. |
| આસિયા | અબૂતાલિબ અ.સ. | નુહ અ.સ. | અબ્બાસ અ.સ. |

### પ્રશ્નો

(૧) એ કયા નબી અ.સ. છે જે માછલીના પેટમાં રહ્યાં હતાં ?

(૨) એ કયા નબી અ.સ. છે જે મૃત્યુ પામ્યા પછી જીવતાં થયાં ?

(૩) એ કયા નબી અ.સ. છે જેમની કૌમ માટે ઉંટણી આવી હતી ?

(૪) કયા નબી અ.સ.ની કુરબાની હજની કુરબાની હતી ?

(૫) મદીના શહેરના સરદાર કોણ હતા ?

(૬) કયા નબી અ.સ.ને "અબુલ બશર" કહેવામાં આવે છે ?

(૭) કયા નબી અ.સ.એ કાઅબાનો પાયો નાખ્યો હતો ?

(૮) કઇ બીબી (સન્નારી) કૌમની મહારાણી હતાં ?

(૯) કઇ મોઅમિન બીબી (સન્નારી) જુઠા ખુદાની પત્નિ હતાં ?

(૧૦) ૧૫ શાઅબાનની રાત્રિનું બીજું નામ કયું છે ?

(૧૧) "સકકાએ સકીના" કોનો લકબ છે ?

(૧૨) ઇમામે ઝમાના અજ.નો એક લકબ.

## શું આપ જાણો છો.

| | | |
|---|---|---|
| કરબલા | મક્કા | મદીના મુનવ્વરા |
| કુફા | યા કાએમે આલે મુહમ્મદ અજ. | મશહદ |
| નજફે અશરફ | સામરાઅ | અલ-કુદુસ |

ઉપરોક્ત શહેરો પૈકી કયા શહેરમાં આપણાં બારમાં ઇમામ અજ. નો જન્મ થયો હતો. જો તે જાણતા હોય તો તે ખાના ઉપર ખરાની નિશાની કરો.

અને બાકીના શહેરોમાંથી કયા શહેરોમાં આપણા વહાલા માઅસુમીન અ.સ. પૈકી કોઇની વિલાદત (જન્મ) થયેલ છે. જો આપ તે જાણતાં હો તો તે શહેરો પૈકી સબંધકર્તા શહેરનું નામ જોરથી વાંચો અને સાથે તે માઅસૂમ અ.સ. નું નામ લઇને મોટેથી તેમના ઉપર સલવાત મોકલો જેથી તમારા જ્ઞાનમાં વૃધ્ધિ થાય.



# હસો-હસાવો

હારૂન સાતમો ઈમામ(અ.સ.)નો સમકાલિન એક ખુબ અત્યાચારી સમ્રાટ હતો. એક દિવસ બહેલૂલ મહેલમાં જઈને તેના સિંહાસન ઉપર બેસી ગયાં. તેથી હારૂનના સિપાહીઓએ તેને ઢોર માર માર્યો. બહેલૂલ જોરજોરથી રડવા લાગ્યાં. એટલામાં હારૂન આવી ગયાં, તેણે બેહલૂલને પુછ્યું "તમે શા માટે રડો છો ? " બેહલૂલે કહ્યું : હું તો આ સિંહાસન ઉપર ફક્ત થોડીવાર માટે જ બેઠો હતો અને મને આટલો માર્યો. તમે તો એના ઉપર હંમેશા બેસો છો તો તમારે કેટલી બધી માર ખાવી પડતી હશે.

પિતા : હસન - તારૂ પરિણામ કેવું આવ્યું ?

હસન : પપ્પા - ૧૦૦ ગુણ મળવાથી જરાક છેટે રહી ગયો.

પિતા : જરાક છેટે ? તેનો શો અર્થ ?

હસન : પપ્પા - બે શુન્ય (૦૦) તો મળી ગયાં. જો એકડો પણ મળી ગયો હોત તો પૂરા ૧૦૦ થઈ જાતને.

ડોક્ટર : દર્દીને - અરે ! તારા પેટમાં આટલી બધી ચમચીઓ ક્યાંથી આવી ?

દર્દી : ડોક્ટર સાહેબ - તમે જ તો કહ્યું હતું કે દરરોજ એક ચમચી ખાજો !

બાળક પોતાની માતાને : મમ્મી - આ લોકો આ શબને ક્યાં લઈ જાય છે ?

માતા : એને ત્યાં લઈ જાય છે જ્યાં ન તો ખાવાનું છે - ન તો પાણી કે ન તો વિજળી

બાળક : તો શું મમ્મી - તેને આપણે ઘેર લઈ જાય છે ?





E-mail : hadimasik@yahoo.com

# લોકોને ફરિયાદના પરિણામ

મુફઝ્ઝલ બિન કૈસ પોતાના જીવનના કઠણ કાળમાંથી પસાર થઈ રહ્યાં હતાં. તે ગરીબાઈ-દરિદ્રતા-કર્જાઓ અને જીવન નિર્વાહના ખર્ચને પહોંચી ન વળવાને કારણે ખુબ જ દુઃખી જીવન પસાર કરી રહ્યાં હતાં. તે એક દિવસ ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની સેવામાં હાજર થયાં અને પોતાની દરિદ્રતા અને દુઃખને વર્ણવવા લાગ્યાં કે મારી ઉપર એટલો કર્જ થઈ ગયો છે અને તે કર્જ હું કેવી રીતે ચુકવીશ તેની મને સૂઝ પડતી નથી. મારા અને મારા કુટુંબના નિર્વાહ માટે આટલો ખર્ચ જરૂરી છે પરંતુ આવકનું કોઈ સાધન નથી. હું અત્યંત લાચાર થઈ ગયો છું. મને જ્યાંથી મદદની આશા હતી તે દરેક જગ્યાએ મેં પ્રયત્ન કર્યા પણ મને કોઈ જગ્યાએથી મદદ મળી નહીં.

ઈમામ જાઅફર સાદિક અ.સ.એ ત્યાં હાજર હતી તે દાસીને હુકમ કર્યો કે મન્સૂરે મને મોકલાવી છે તે સોના મહોરોની કોથળી લઈ આવ ! તે દાસી ગઈ અને સોના મહોરોની કોથળી લાવીને આપ અ.સ.ની સેવામાં હાજર કરી દીધી. ઈમામ અ.સ.એ મુફઝ્ઝલ બિન કૈસને ફરમાવ્યું : 'આ કોથળીમાં ચારસો સોનામહોરો છે. જે તમારા જીવનના કેટલાંક દિવસો માટે સહાયરૂપ થશે.'

કૈસએ કહ્યું : 'હુઝૂર મારો આ આશય નહોતો. હું આપની પાસે ફક્ત દુઆ કરાવવા માટે હાજર થયો હતો.'

ઈમામ અ.સ.એ ફરમાવ્યું 'સારૂં ! હું દુઆ પણ કરી દઈશ. પરંતુ તમને પણ એક વાત કહીશ કે પોતાના દુઃખોના રોદણાં બીજાઓ સમક્ષ કદીએ રડવા નહીં. કેમકે તેનું સૌથી તાત્કાલિક પરિણામ તો એ જ આવશે કે લોકો એવુ માનવા લાગશે કે તમે હિમ્મત હારી ગયાં છો અને અધોગતિની ગર્તામાં પડી ગયાં છો. અને જમાનાથી હારી ગયાં છો. આમ લોકોની નજરમાં તમે તુચ્છ થઈ જશો અને તમારો માન મરતબો નષ્ટ થઈ જશે.'





# શાઅબાન માસની ફઝીલત અને આઅમાલ

શાઅબાન એ મહાન માસ છે જે હઝરત રસૂલે ખુદા સ. અ. વ. નો મહીનો કહેવાય છે. જયારે આપ સ.અ.વ. શાઅબાન નો ચાંદ જોતા તો એક ઘોષણા કરનાર આપની આજ્ઞાથી એવી ઘોષણા કરતો કે "હે મદીનાવાસીઓ ! હું રસૂલે ખુદા. સ.અ.વ.નો પ્રતિનિધિ છું અને આપ સ.અ.વ.નો ફરમાન છે કે શાઅબાન મારો માસ છે. ખુદાની રહેમત હજો એ વ્યક્તિ ઉપર જે આ માસમાં મારી મદદ કરે એટલે કે રોજા રાખે."

સફવાન કહે છે કે "ઇમામ જાઅફરે સાદિક અ.સ.નો ઇર્શાદ છે કે અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવે છે કે જયારથી રસૂલ સ.અ.વ.ની આ ઘોષણાં મેં સાંભળી છે ત્યારથી શાઅબાન માસનો મારો એક પણ રોજો કઝા થયો નથી અને જ્યાં સુધી મારો જીવનદીપ ઓલવાઇ નથી જતો ત્યાં સુધી આ રોજા હું છોડીશ નહીં અને આપ અ.સ.એ એવું પણ ફરમાવ્યું છે કે શાઅબાન અને રમઝાન માસના રોજા તવબા કુબુલ થવાના અને ગુનાહોની બખ્શિશ ના કારણ બને છે."



## આ માસના કેટલાંક સંયુક્ત આઅમાલ :-



૧. દરરોજ ૭૦ વખત આ દુઆ પઢવી જોઇએ.
અસ્તગફેરૂલ્લહા - વ - અસ્અલ હુત્તવબા -
"અલ્લાહ પાસે બખ્શિશ માંગુ છું અને તૌબાની તવફીક માંગૂં છું."

૨. દરરોજ ૭૦ વખત આ દુઆ કહે :
અસ્તગફેરૂલ્લાહલ્લઝી - લાઇલાહા ઇલ્લા - હોવર્રેહમાનુર્રહીમ - અલ્ હૈયુલ કય્યુમ - વ - અતૂબો ઇલયહ.

"હું અલ્લાહથી બખ્શિશ (ક્ષમા) ચાહું છું કે જેના સિવાય (બીજો ) કોઇ પ્રાર્થનાને લાયક (માઅબૂદ) નથી જે બખ્શવાવાળો અને મહેરબાન છે અને તે અનંત કાળ સુધી જીવતો રહેનાર અને હંમેશ માટે રહેનાર છે અને તેની સમક્ષ (મારા ગુન્હોની) તૌબા કરૂ છું."

૩. સદકો આપવો પછી ભલે તે સદકો અડધી ખજુર જેટલો પણ કેમ ન હોય. ઇમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે સદકો અને ઇસ્તગફાર - જો કોઇ વ્યક્તિ શાઅબાન માસ માં સદકો આપે તો ખુદા તેના સદકા માં એવી રીતે વૃદ્ધિ કરે છે જેવી રીતે તમે ઊંટણીના એક નાના બોતડાને પાળીને એક કદાવર ઉંટ બનાવી દો છો. તેથી આ સદકો કયામતના દિવસે ઓહદ પર્વત જેટલો વિશાળ થઇ ગયો હશે.

૪. શાઅબાન માસમાં દરેક ગુરૂવારે બે રકઅત નમાઝ એવી રીતે પઢવામાં આવે કે તેની દરેક રકઅતમાં સૂરએ હમ્દ પછી ૧૦૦ વખત સૂરએ તવહીદ (સૂરએ-ઇખ્લાસ-સૂરએ કુલહોવલ્લાહો અહદ) પઢે અને નમાઝ પછી સો વખત દુરૂદ પઢે. જેથી કરીને ખુદા તબારક-વ-તઆલા દીન અને દુન્યામાં તેની દરેક નેક હાજત પુરી ફરમાવશે.

૫. શાઅબાનના રોજાનો એક જુદો જ સવાબ છે અને રિવાયતમાં આવ્યું છે કે શાઅબાન માસના દરેક ગુરૂવારે આકાશ શણગારવામાં આવે છે, ત્યારે ફરિશ્તાઓ અર્ઝ કરે છે કે યા અલ્લાહ ! આજના દિવસનો રોજો રાખનારને બખ્શી દે અને તેની તમામ દુઆઓ કબૂલ ફરમાવ.





# આશાનો દીવો

**૧૫ શાઅબાન**

૧૫ શાઅબાન સને ૨૫૫ હિજરીના દિવસે રસૂલ સ.અ.વ. ના ફરઝન્દ-માનવજાતના તારણહાર - હઝરત ઇમામ મહદી અજ. ની ઇરાકના શહેર "સામરાઅ" માં વિલાદત (જન્મ) થઇ હતી. આપ રસૂલે અકરમ સ.અ.વ.ના હમનામ(સમાન નામધારી) છે અને આપની કુનીયત (વંશવાચક નામ) પણ રસૂલ સ.અ.વ.ની કુનીયત એટલે કે અબુલ કાસિમ જ છે. આપના સૌથી વધારે પ્રખ્યાત લકબો "મહદી" એટલે હિદાયત પામેલા (જેમને પ્રથમથી જ હિદાયત - સત્યનો માર્ગ - સાંપડી ગયો હોય તેવા ) અને કાયમ (એટલે કે અસત્ય - અધર્મની વિરૂધ્ધ ઉભા થઇ જનાર) છે.

આપે પોતાના જીવનના પ્રારંભિક લગભગ પાંચ વરસ પોતાના મહાન પિતા હઝરત ઇમામ હસને અસ્કરીની છત્રછાયામાં વિતાવ્યા હતાં. હઝરત ઇમામ હસને અસ્કરીની શહાદત પછી જ્યારે આપે ઇમામતની ધુરા સંભાળી ત્યારે શત્રુઓના કાવત્રાઓને કારણે ઇશ્વરીય આજ્ઞાથી આપ લોકોની દૃષ્ટિથી ગુપ્તવાસમાં ચાલ્યા ગયાં હતા. જેને "ગયબતે સુગરા" કહેવામાં આવે છે, પરંતુ આ સમયગાળામાં પોતાના ખાસ નાયબોના માધ્યમ દ્વારા આપનો મોઅમેનીન સાથે સંપર્ક તો રહ્યો જ હતો અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. "ગયબતે સુગરા"નો આ કાર્યકાળ આશરે ૭૦ વરસ સુધી રહ્યો હતો.





E-mail : hadimasik@yahoo.com



તે પછી અલ્લાહની આજ્ઞાથી "ગયબતે કુબરા" નો પ્રારંભ થયો હતો અને તે પછી હવે જયારે પણ અલ્લાહની આજ્ઞા થશે ત્યારે આપ ઝહૂર ફરમાવશે (પ્રગટ થશે) અને ઇશ્વરીય ન્યાયના પાયાના સિદ્ધાંતો ઉપર આખાયે જગતમાં "ઇશ્વરીય ન્યાયિક શાસન" ની સ્થાપના કરશે.

મહદીયે મવઉદની આ આંતરરાષ્ટ્રીય અને સર્વદેશીય હકુમત એક સર્વ સામાન્ય વિચાર છે જે કોઇને કોઇ સ્વરૂપે તમામ ઇલાહી મઝહબો (અલ્લાહ તરફથી આવેલા ધર્મો) માં વ્યાપક છે અને તે તમામમાં હઝરત ઇમામ મહદી અજ ના શાસન ની એક મહત્વની ખાસિયત ન્યાયના શાસન ને પ્રસ્થાપિત કરવાની છે આપના ન્યાયની એ સ્થિતિ હશે કે જગતના લોકોના ઝુટવાઇ ગએલા તમામ હક્કો એવી રીતે પ્રસ્થાપિત થઇ જશે કે જગતમાંથી અત્યાચાર અને અન્યાય નેસ્તનાબુદ થઇ જશે. એજ કારણ છે કે હઝરત ઇમામ મહદીની મહાન ઝાત અને આપના શાસન ની સ્થાપના તે અત્યાચાર પિડીતો માટે એક ઘણી મોટી આશા ની કિરણ અને સહારો છે કે જેઓ આજે પણ અત્યાચાર અને અન્યાયની વિરૂધ્ધ સંઘર્ષ કરી રહ્યાં છે જેથી કરીને આપના ઝહૂર (પ્રાગટય) માટે જલ્દીથી જલ્દી અને સારામાં સારો માર્ગ પ્રશિસ્થ થઇ જાય. ખુદાવન્દે આલમે પણ આ બાબત પ્રત્યે અંગૂલીનિર્દેષ કરતા સૂરએ કસસ ની આયત ૫ માં ફરમાવ્યું છે કે "અને અમે એવું ઇચ્છીએ છીએ કે જે લોકોને પૃથ્વી ઉપર (અત્યાચાર અને અન્યાય વડે) કમજોર કરી નાંખવામાં આવ્યાં છે તેમના ઉપર કૃપા કરીએ અને લોકોના આગેવાન બનાવીએ અને આ પૃથ્વીનો વારસ બનાવીએ "



# પ્રાણી જગતનું સત્ય



બકરીઓના પગની ખરીમાં આવેલી ગાદી જમીન સાથે વેક્યુમ ઊભું કરી ચોંટી જાય છે. આથી તે ઊભા પર્વત ચડી શકે છે.



- એક ઘોડામાં સાત માણસ જેટલી શક્તિ હોય છે.
- નર ઘોડાને ૪૦ દાંત હોય છે. દાંત પરથી તેની ઉંમરની અટકળ થાય છે.



હાથી રોજ બસ્સો કિલો ખોરાક અને બસ્સો લિટર પાણી પીએ છે.



કેટલાક કાચબાનું આયુષ્ય ૧૫૦ વર્ષનું હોય છે. ગાલાપેગાસ નામના ટાપુઓ પર ૨૩૦ કિલો વજનના વિરાટ કાચબા જોવા મળે છે.



સસલાના આગલા પગ કરતા પાછલા પગ વધુ લાંબા હોય છે.



માખીની દરેક આંખમાં ચાર હજાર નાના લેંસ હોય છે.



એક ઉંદરની જોડી એક વર્ષમાં બે હજાર જેટલાં બચ્ચાઓ જણી શકે છે.



ડબલ ડેકર બસ કરતાં જિરાફ દોઢ મીટર વધુ ઊંચું હોય છે, પણ એની ગરદનમાં માત્ર સાત હાડકાં હોય છે અને સ્વરતંતુ નબળા હોવાથી એનો કંઠ કામણગારો નથી.



કાંગારુને ખોરાક ચાવીચાવીને ખાતા લગભગ ચાર કલાક લાગે છે.



E-mail : hadimasik@yahoo.com

# ઓલીવ ઓઈલ (જેતૂનનું તેલ)



ખુદાએ પોતાના કલામે પાકમાં એક જગ્યાએ જૈતૂન (ઓલીવ)ના ઝાડનો ઉલ્લેખ શુભ ઝાડ તરીકે કર્યો છે અને બીજા એક સ્થળે તેના સોગંદ પણ ખાધાં છે અને તેના તેલનો પણ અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે.

જૈતૂનનું તેલ (ઓલીવ ઓઈલ) અનેક રીતે ગુણકારી છે અને તેનું ખાસ મહત્વ પણ છે.

- સૂરા નૂર, સૂરા વત્તીન - સૂરા અનઆમ- સૂરા અબસ અને સૂરા નહલમાં ઓલીવ ઓઈલનો ઉલ્લેખ છે.

- તમારે ઓલીવ ઓઈલ વાપરવું જોઈએ કેમકે તેનાથી પિત્ત દૂર થાય છે, સળેખમ મટે છે, સ્નાયુઓને તે મજબૂત કરે છે, શરીરને સુંદર બનાવે છે, શ્વાસને સ્વચ્છ કરે છે અને મનની અશાંતિ - ગમ દૂર કરે છે. (નબીએ અકરમ સ.અ.વ.)

- તમે ન્યુમોનિયાનો ઓલીવ ઓઈલના ઉપયોગ વડે ઈલાજ કરો (નબીએ અકરમ સ.અ.વ.)

- ઓલીવ ઓઈલનો ખાવામાં અને અન્ય રીતે ઉપયોગ કરવો જોઈએ કેમકે જેતૂન (ઓલીવ) એક ગુણકારી ઝાડ છે (નબીએ અકરમ સ.અ.વ.)

- ખાદ્ય પદાર્થોમાં ઓલીવ ઓઈલ સર્વ શ્રેષ્ઠ છે. તે શ્વાસને સ્વચ્છ કરે છે, સળેખમ મટાડે છે, ચહેરા અને શરીરના વર્ણને ઉજળો કરે છે અને ક્રોધને શાંત કરે છે. (ઈમામ રિઝા અ.સ.)

- જૈતૂનના પાંદડા બ્લડ પ્રેશરવાળા વ્યક્તિઓ માટે લાભદાયક છે. યકૃતની બીમારીઓમાં આરામદાયક છે.

- જે લોકોને ટી.બી. નો રોગ અને છાતીના રોગ હોય તેમણે ઓલીવ ઓઈલનો ઉપયોગ સલાડમાં કરવો લાભદાયક છે. (તિબ્બે - ઈમામ રિઝા અ.સ.)

- હે અલી (અ.સ.) ઓલીવ ઓઈલ ખાઓ અને તેને શરીરે પણ ચોળો - કેમકે જો કોઈ વ્યક્તિ ઓલીવ ઓઈલ ખાશે અને શરીરે ચોળશે તો ચાલીસ દિવસ સુધી શયતાન તેની પાસે ફરકશે પણ નહીં.

- ઓલીવ ઓઈલ આંતરડા અને જઠરના સોજાને દૂર કરે છે. નબળા બાળકોને ઓલીવ ઓઈલની માલીશ કરવાથી નબળાઈ દૂર થાય છે, બુધ્ધિમાં વૃધ્ધિ થાય છે અને બાળકોને શરદ ઋતુમાં નુકશાનથી રક્ષણ આપે છે.

(હકીમોના અનુભવોમાંથી)

# બખ્શિશ અને કૃપા



- જ્યારે આપણાં વહાલા નબી સ.અ.વ. અને મક્કાના અન્ય મુસલમાન લોકો સ્થળાંતર કરીને મદીના માં આવી ગયાં ત્યારે મદીનાવાસીઓ એ ખુબજ ઉત્સાહ પૂર્વક તેમનું સ્વાગત કર્યું હતું. મદીનાવાસીઓ તે વખતે ઘણાં સખી દાતા અને એક બીજા પ્રત્યે દયા - મહેરબાનીની વૃત્તિ ધરાવનારાઓ હતાં તેથી તેમણે નવાંગતુકો (મુહાજિરા) મુસલમાનો ના આરામ માટે કોઇ કસર બાકી રહેવા દીધી નહોતી.







- મદીનાવાસીઓ પૈકી કેટલાક લોકોએ પોતાના નવાંગતુક મુસલમાન ભાઇઓ માટે પોતાના ઘરોમાંથી કેટલો ભાગ ખાલી કરી આપ્યો હતો.

- કેટલાક લોકોએ તેમના ખાવા પીવાની વ્યવસ્થામાં મદદ કરી તો કેટલાંકે તેમને ઘરગૃહસ્થી નો સામાન આપ્યો.





- મદીનાવાસીઓ પૈકી એક વ્યક્તિનું નામ અબૂતલહા હતું. અલ્લાહની કૃપાથી તેની પાસે એક વાડી હતી જેમાં એક ઝરણૂં પણ વહેતું હતું જ્યાં જઇને આપણાં વહાલા નબી સ.અ.વ. પાણી પણ પીતા હતાં.



E-mail : hadimasik@yahoo.com



- એક દિવસ આપણા વહાલા નબી સ.અ.વ. એ મસ્જિદમાં પોતાના ચાહવાવાળાઓને અલ્લાહનો આ સંદેશ સંભળાવ્યો કે "તમો જ્યાં સુધી પોતાને સૌથી વધારે ગમતી વસ્તુ અલ્લાહના માર્ગે ખર્ચ ન કરો ત્યાં સુધી નેક લોકોના સ્થાને પહોંચી શકશો નહીં (એટલે કે તમારી ગણત્રી નેક લોકોમાં ત્યાં સુધી થશે નહીં) અને અલ્લાહ (તો) સર્વજ્ઞાની છે."



અબૂતલહા કે જે ઉપરોક્ત વાડીનો માલીક હતો તે પણ ત્યાં હાજર હતો તેણે અલ્લાહની આ આજ્ઞા સાંભળી ને કહ્યું કે "હે અલ્લાહના વહાલા રસૂલ સ.અ.વ. ! હું ઇચ્છું છું કે આ આયત ઉપર અમલ કરૂં" નબી સ.અ.વ. એ પુછ્યું "હે ઇમાનવાળા પુરૂષ ! તમે કઇ વસ્તુને અલ્લાહ ના માર્ગે ખર્ચ કરવા માંગો છો ?"



- અબૂતલહાએ જવાબ આપ્યો " હું ઇચ્છું છું કે મારા બગીચાના સૌથી સારા ઉત્પાદનોને રાહે ખુદામાં ખર્ચ કરૂ" નબી સ.અ.વ.એ કહ્યું "જુઓ ભાઇ ! આ કામની શરૂઆત તમો પ્રથમ પોતાના સગા વહાલાઓથી કરજો પછી બીજાઓને આપજો"



- અબૂતલહાએ પુછ્યુ "હે અલ્લાહના નબી સ.અ.વ.! શું દાન(ખેરાત) પણ પોતાના સગા વહાલાઓને આપી શકાય ?" નબી સ.અ.વ. એ ફરમાવ્યું. "હે અબૂતલ્હા ! દાન ફક્ત ભિક્ષુકો (ફકીરો) માટે નથી હોતું. પરંતુ પોતાના સગાઓને પણ દાન આપવું જોઇએ કેમકે જો તમો પોતાના સગાને દાન આપશો તો તેનાથી તેમના મનમાં તમારા પ્રત્યે પ્રેમમાં વધારો થશે"





- અબૂતલહા એ વહાલા નબી સ.અ.વ. ની આવી પ્રેમ ભરી વાણી સાંભળીને તેના ઉપર અમલ શરૂ કર્યો.



પ્રથમ તે પોતાના સગાઓમાં પોતાનું ધન આપતો હતો અને જે કાંઇ બચતું તે બીજા મુસલામાનોમાં વહેંચી દેતો હતો.




# હઝરત મહદી અજ.ની કરામતો (ચમત્કાર)

હજરત મહદી અજ. પોતાના ઝહૂર (પ્રગટ થવા)ના પ્રારંભથી જ મોઅજિઝાઓ (ચમત્કારો) નું પ્રદર્શન કરશે. જ્યારે આપ અજ. ઉડતા પક્ષીઓને બોલાવશે તો તે પક્ષીઓ નીચે આવીને આપના તાબામાં આવી જશે. અત્યંત સૂકી લાકડીને પણ આપ અજ. તદ્દન બિન ઉપજાવ જમીનમાં દાટી દેશે તો તે સુકી લાકડી જોત જોતામાં જ લીલી છમ થઇ જશે, તેના ઉપર ડાળીઓ અને પાંદડા ઉગી આવશે. આવા અનેક ચમત્કારો આપ દેખાડશે. જેનાથી લોકો ઉપર સાબિત થઇ જશે કે મારી સામેનો આ વ્યક્તિ એવો શક્તિશાળી છે કે પૃથ્વી અને આકાશ પણ તેને તાબે છે. અમે અહિંયા આપના કેટલાંક મોઅજિઝાઓનું વર્ણન કરી રહ્યાં છીએ.

૧. **પક્ષીઓથી વાતચીત કરવી :-** અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવે છે કે "હઝરત મહદી પોતાના માર્ગે જતાં હશે ત્યાં આપ અજ.ની મુલાકાત એક હસની સૈયદ સાથે થશે જેમની પાસે બાર હજાર સૈનિકોનું સૈન્ય હશે. તે હસની સૈયદ વિરોધ કરશે અને એવું જણાવશે, સરદારી માટે હું વધારે લાયક છું. આપ તેને ફરમાવશે "હું મહદી છું." તે હસની સૈયદ આપને કહેશે, આપની પાસે આ દાવાની કોઇ નિશાની કે દલીલ છે કે જે જોઇને હું પણ આપનો અનુયાયી બની જાઉં. (બયઅત કરી લઉં) " આપ આકાશમાં ઉડતાં એક પક્ષીને ઇશારો કરશે અને તરતજ તે પક્ષી નીચે આવીને હઝરત અજ.ના હાથ ઉપર બેસી જશે. પછી ખુદાની કુદરતથી તે પક્ષીમાં વાણી પ્રગટ થશે અને હઝરત મહદી અજ. ની ઇમામતની સાક્ષી પુરશે. તે હસની સૈયદના અનુયાયીઓ (મુરીદો) ને વધુ શ્રધ્ધા બેસે તે માટે આપ એક સૂકી લાકડીને જમીનમાં ગાડી દેશે જે જોત જોતામાં લીલીછમ થઇ જશે અને તેમાં ડાળીઓ નીકળી અને પાંદડા ફુટી નીકળશે. તે પછી આપ સખ્ત પત્થરના એક ટુકડાને જમીન પરથી ઉપાડશે અને એક હલકા દબાવ માત્રથી તેને રેતીના કણોમાં ફેરવી દેશે.





તે સૈયદ આ મોજેઝાઓ જોઇને હઝરત અજ. પર ઇમાન લઇ આવશે અને પોતાના સૈન્યની સાથે આપ અજ.ની શરણાગતી સ્વીકારી બેશે. હઝરત અજ. પોતાના સૈન્યની પ્રથમ ટુકડીનો તેને કમાન્ડર બનાવી દેશે ( ઇસ્બે સાખ - પા. ૩૦૪)

**૨. પાણી ઉપરથી પસાર થવું :-** ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે કે આપના વાલિદે બુઝર્ગવાર અ.સ.એ કહ્યું છે કે "હઝરત ઇમામ કાઇમ અજ. જયારે પ્રગટ થશે અને પોતાનું શાસન સ્થાપવા પ્રયત્નશીલ થશે તો પોતાના સૈન્યની અમુક ટુકડીઓને કોનસ્ટેન્ટીનોપલ શહેર તરફ પ્રયાણ કરાવશે. જયારે તેઓ અખાત સુધી પહોંચી જશે તો તેઓ (હઝરત ઇમામ કાઇમ અજ. ના સૈનિકો) પોતાના પગ ઉપર એક વાક્ય લખશે અને (જમીન ઉપર ચાલતા હોય તે રીતે) પાણી ઉપરથી પસાર થઇ જશે. જયારે રોમવાસીઓ આ મહાનતા અને આ મોઅજિઝાને જોશે તો એક બીજાને કહેવા લાગશે : જયારે ઇમામ ઝમાના અજ. ના સૈનિકો આવી ચમત્કારી શક્તિઓ ધરાવે છે તો આપ પોતે કેટલા શક્તિશાળી હશે ? અને તેઓ શરણાગતિ સ્વીકારી લેશે અને કિલ્લાના દરવાજા ખોલી નાંખશે. આપ અજ. નું સૈન્ય શહેરમાં પ્રવેશી જશે અને ત્યાં ઇમામ ઝમાના અજ. નું શાસન સ્થાપી દેશે (બિહારૂલ અનવાર ભા. ૫૨ પા. ૩૪૫)"

**૩. બીમાર વ્યક્તિઓને રોગ મુક્ત કરવા :-** અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવે છે કે "હઝરત ઇમામ મહદી અજ. પક્ષીઓને બોલાવીને પોતાના મોઅજિઝાઓ પ્રગટ કરશે અને ખુદાવન્દે આલમની આજ્ઞાથી જે વસ્તુઓ હજી સુધી અસ્તિત્વમાં ન આવી હોય તેવી વસ્તુઓને પ્રગટ કરશે. સફેદ ડાઘ અને કોઢના દર્દીઓને સાજા કરી દેશે અને મડદાઓને સજીવ અને સજીવોને મડદા કરી દેશે. (અશ્શીઆ - વર - રજઆ - ભા - ૧ પા. ૧૪)"

**૪. વાદળનો સાદ :** ઇમામ જાઅફર અ.સ. ફરમાવે છે કે અતંકાળમાં હઝરત મહદી અજ. પ્રગટ થશે ત્યારે વાદળ આપના માથે છત્ર છાયા બની જશે અને આપ જયાં જશો ત્યાં તે વાદળ આપના માથે સાચો કરશે. જેથી કરીને આપને સૂર્યની ગરમીથી રક્ષણ મળે અને સાથે તે વાદળ એવી ઘોષણાં પણ કરતો રહેશે કે "આ મહદી છે" (કશકુલ ગમ્મા ભા. ૩ પા. ૩૪૫)






# વફાદારીના સૂર્યનો ઉદય

હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ ૪ શાઅબાન, ૨૬ હિજરી સનના દિવસે મદીના મુનવ્વરામાં જનમ્યાં હતાં. આપની કુનીયત "અબુલફઝલ" છે. આપના આદરણીય માતા ફાતેમા બિન્તે હઝ્ઝામ છે. જેઓ "ઉમ્મુલ બનીન" ના નામે પ્રખ્યાત છે.

રિવાયતમાં છે કે એક દિવસ અમીરૂલ મોઅમેનીન અ.સ. એ પોતાના ભાઇ અકીલ બિન અબીતાલિબથી ફરમાવ્યું કે તમો અરબોના તમામ વંશો (કબીલાઓ) ના વિદ્વાન છો. તમો મારા માટે એક એવી સન્નારી ને સૂચવો (પસંદ કરો) જેના થકી (મારે ત્યાં) અત્યંત શૂરવીર - બહાદુર અને મહાન યોદ્ધા સંતાન જન્મે.

અકીલે અરબના કબીલાઓ અંગે ચિંતન અને મનન કરીને અમીરૂલ મોઅમેનીન અ.સ. ને સલાહ આપી કે હઝ્ઝામ કલબીની સુપુત્રી ફાતેમા ઉમ્મુલ બનીનની સાથે આપ લગ્ન કરો કેમકે તેમના બાપ - દાદા અરબોમાં ઘણાં શૂરવીર અને બહાદુર છે.

અમીરૂલ મોઅમેનીન અ.સ. એ પોતાના ભાઇ અકીલની સલાહ પ્રમાણે "ઉમ્મુલ બનીન" સાથે લગ્ન કર્યાં અને તેમની કુખે ચાર અત્યંત શૂરવીર અને મહાન યોદ્ધા સંતાનો અબ્બાસ - જાઅફર - ઉસ્માન - અને અબ્દુલ્લાહ નો જન્મ થયો.

હઝરત અબ્બાસ અ.સ. નો અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ. અને પોતાના અત્યંત ચતુર માતાના ખોળામાં ઉછેર થયો અને હઝરત ઇમામ હસન અ.સ. અને હઝરત ઇમામ હુસૈન અ.સ. જેવા મહાન ભાઇઓના સાનિધ્ય માં જીવનની કેડી ઉપર ચઢતી - પડતી જોઇ જ્યારે અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. ની ઝાહિરી ખિલાફતનો પ્રારંભ થયો ત્યારે હઝરત અબ્બાસ અ.સ. દસ વરસના હતા અને આ વયે જ યુદ્ધમાં સામેલ થઇને મહત્વનો ભાગ ભજવ્યો અને એક કુશળ યોદ્ધાની જેમ યુદ્ધ કર્યું.

અમીરૂલ મોઅમેનીન અલી અ.સ.ની શહાદત પછી પોતાના ભાઇઓની મદદ કરવા અને તેમની સાથે રહેવામાંથી આપ એક પળ પણ ગાફેલ રહ્યાં ન હતાં અને હંમેશા તેમના રક્ષક રહ્યાં. હઝરત અબ્બાસ અ.સ.ની વફાદારી અને પોતાના ભાઇ ઉપર મરી મીટવાની ભાવના આશૂરાના દિવસે તેના





સર્વોચ્ચ શિખરે પહોંચી ગઇ હતી. યઝીદી સૈન્યના સરદાર શિમ્ર મલઉને હઝરત અબ્બાસ અ.સ. સાથે ના પોતાના સગપણ ને કારણે આપ જો હઝરત ઇમામ હુસૈન અ.સ. નો સાથ છોડી દે તો આપને આશ્રય (અમાન) આપવાની ઓફર કરી હતી. મૃત્યુ આંખો સમક્ષ હતું તે પળે પણ પોતાની વફાદારી સાબિત કરીને હઝરત અબ્બાસ અ.સ. એ શિમ્ર મલઉનની આ ઓફર અત્યંત કઠોર શબ્દોમાં ઠુકરાવી દીધી હતી અને કહ્યું હતું કે તારા હાથ તુટે ! અને તારા આશ્રય નામા ઉપર લાનત હજો ! હે ખુદાના શત્રુ !! તુ મને એવી આજ્ઞા આપે છે કે હું ઇમામ હુસૈન અ.સ.નો સાથ છોડી દઉં અને ઔલાદોનો આજ્ઞાકારી બની જાઉં, શું મારા માટેનો આશ્રય – અમાન – છે અને રસૂલ સ.અ.વ. ના ફરઝન્દ માટે આશ્રય નથી!!!

ટૂંકમાં એ કે આ મહાન વ્યક્તિએ દસમી મોહરમના દિવસે બલિદાન–મરી ફીટવાની ભાવના અને વફાદારીના અનન્ય ઉદાહરણનો ઇતિહાસ રચ્યો અને જ્યાં સુધી આપ જિવીત રહ્યા ત્યાં સુધી ઇમામ હુસૈન અ.સ. ઉપર ઉની આંચ પણ આવવા દીધી નહીં અને શત્રુઓ ઇમામ હુસૈન અ.સ.ની છાવણી તરફ વાંકી દ્રષ્ટિએ જોવાની પણ હિમ્મત કરી શકતા નહોતાં અને જ્યારે આપ અ.સ. બાળકો માટે પાણી લાવવા ગયા અને બન્ને હાથ કપાવીને ફુરાતના કાંઠે શહીદ થઇ ગયાં અને જ્યારે ઇમામ હુસૈન અ.સ. આપ અ.સ.ના ટુકડે ટુકડા થઇ ગયેલા શરીર પાસે પહોચ્યાં ત્યારે અત્યંત શોકાતૂર થઇને બોલી ઉઠ્યા'' અલ–આન ઇનસર ઝહરી–વ–કલ્લતહયાતી'' આ ક્ષણે જ મારી કેડ ભાંગી ગઇ છે અને મારું જીવન ટૂંકુ થઈ ગયું છે.

ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ. એ પાતાના કાકાની ઇમામ હુસૈનના રક્ષણને કાજે મરી ફીટવાની ભાવના અને તેમના ઉચ્ચ સ્થાન અંગે ફરમાવ્યું છે કે "ખુદા મારા કાકા અબ્બાસ અ.સ. ઉપર પોતાની દયા–કૃપા વરસાવે કેમકે તેઓ પોતાના ભાઇ ઉપર મરી ફીટયા હતા, એટલે સુધી કે બંને બાહુઓ કપાઇ ગયા, અલ્લાહ તઆલાએ  જે રીતે તેમના કાકા જાઅફર – બિન – અબી તાલિબ અ.સ. ને બે પાંખો આપી હતી તે રીતે જ મારા કાકા અબ્બાસ અ.સ. ને પણ તેમના કપાઇ ગયેલા બે બાહુઓ ના બદલામાં બે પાંખો આપી છે, જેના વડે તેઓ જન્નત માં ઉડયા કરે છે. અલ્લાહની બારગાહમાં હઝરત અબ્બાસ અ.સ.ને એ ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત થયેલ છે અને એવી ફઝીલત મળી છે કે જેની દરેક શહીદ કામના કરે છે."

હઝરત અબ્બાસ ૩૪ વરસની ભરયુવાનીમાં શહીદ થઇ ગયાં હતા.

(મુસ્તદરક–સફીનતુલબિહાર (અલીનમાઝી) ભા.૫. પા.૨૧૧ અલ ઇર્શાદ (શૈખ મુફીદ) પા. ૩૪૨–૪૪૩ મુન્તહીયુલ અમાલ (શૈખ અબ્બાસ કુમ્મી) ભા.૧ પા. ૧૮૭–૧૮૯–૩૩૭–૩૮૫ અમાલી (શેખ સદૂક) પા. ૩૭૩)



# તમારા પ્રશ્નો અમારા જવાબો



વહાલા બાળમિત્રો,

અહીં આપ અમોને કોઈપણ પ્રશ્ન પૂછશો તો અમે તેનો જવાબ આપીશું, તે પણ તમારા નામ સાથે ! તૈયાર થઈ જાવ, પ્રશ્નો લખીને અમને મોકલો અને જવાબો પછીના અંકમાં વાંચો !





E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

إِنَّ الْحَسَنَٰتِ يُذْهِبْنَ السَّيِّـَٔاتِ

**બેશક સારા કામો ખરાબ કામો અને એની અસરોને મટાડી દે છે.**



વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



# હદીસનો ગુલદસ્તો

★ સારા કામો નિયમિત રીતે કરવાથી મનમાં બુરાઈઓ પ્રત્યે અણગમો અને નફરત પેદા થાય છે.

(આપણાં નબીયે અકરમ સ.અ.વ. બિહારૂલ અનવાર ભાગ-૧, પા.નં.૧૧૭)

★ ઈચ્છાઓ અજ્ઞાની લોકોને પોતાના દાસ બનાવીને રાખે છે.

(ઈમામ અલી અ.સ. ગરરૂલ હકમ- ભાગ-૧, પા.૪૫)

★ અલ્લાહની કિતાબ પોતાના અનુયાયીઓને અલ્લાહની ઈચ્છા પ્રત્યેના અનુરાગ તરફ દોરી જાય છે.

(જનાબ ફાતેમા ઝહરા - સલા. અઅયાનુશ્શીઆ - આધુનિક પ્રકાશન - ભા-૧, પા.૩૧૬)

★ ત્રણ વસ્તુઓ લોકોનો નાશ નોતરે છે. ઘમંડ, લાલચ અને ઈર્ષા

(ઈમામ હસન અ.સ. બિહાર-ભા.૭૮, પાન.૧૧૧)

★ બુધ્ધિ ફક્ત સત્યનું અનુસરણ કરવાથી સંપૂર્ણ થાય છે.

(ઈમામ હુસૈન અ.સ. બિહાર ભા.૭૮, પાં.૧૨૨)

★ એક મોમિન ભાઈનો બીજા મોમિન ભાઈના મુખારવિંદ તરફ દૃષ્ટિ નાંખવી તે ભાઈચારો - પ્રેમ છે અને તેનાથી પ્રેમ કરવો તે તો ઈબાદત છે.

(ઈમામ સજ્જાદ અ.સ. તોહફુલ ઉકૂલ)

★ કોઈ મનુષ્ય જો હરામના માલ વડે ધનવાન બન્યો હોય તો ન તો તેની હજ કબૂલ થાય છે કે ન તો ઉમરા અને ન તો સગાઓ સાથેનો સદ્‌વ્યવહાર.

(ઈમામ મુહમ્મદ બાકિર. અ.સ. બિહાર, ભા.૨૨, પા.૨૨૨)

★ અજ્ઞાનીની એ ટેવ હોય છે કે (પ્રશ્ન-વાત) સાંભળ્યા પહેલા જ જવાબ આપવા લાગે છે.

(ઈમામ સાદિક અ.સ. બિહાર ભા.૭૮, પાન.૨૭૮)

★ જે વ્યક્તિ પોતાના ક્રોધને રોકી લેશે, કયામતના દિવસે અલ્લાહ તેનાથી પોતાનો અઝાબ રોકી લેશે.

(ઈમામ કાઝિમ અ.સ. વસાએલુશ્શીઆ - ભા.૧૧, પા.૨૮૯)

★ અલ્લાહ તે વ્યક્તિ ઉપર પોતાની કૃપા કરે જે અમારી વિદ્યા શીખીને અન્ય લોકોને શીખવાડે છે.

(ઈમામ અલી રિઝા અ.સ. વસાએલુશ્શીઆ. ભા.૧૮ પા.૧૦૨)

★ જો અજ્ઞાની લોકો શાંત રહે (કાંઈ ન બોલે) તો લોકોમાં મતભેદો જન્મશે નહીં.

(ઈમામ મુહમ્મદ તકી અ.સ. અહકાકુલ હક - ભા.૧૨, પા.૪૩૨)

★ મા-બાપની આજ્ઞાઓનું ઉલંઘન આજીવિકાની કમી-અપમાનનું કારણ બને છે.

(ઈમામ અલી નકી અસ. બિહાર - ભા.૭૮, પા.૩૬૯)

★ લડાઈ ઝગડો ન કરતાં રહો, (તેનાથી) તમારી આબરૂ અને માન-મર્યાદા નષ્ટ થઈ જશે.

(ઈમામ હસન અસ્કરી અ.સ. તોહફુલ ઉકૂલ - પા.૪૮૬)

★ નમાઝથી વધુ બીજી કોઈ વસ્તુ શયતાનને અપમાનિત નથી કરતી. તેથી નમાઝ પઢો અને શયતાનને અપમાનિત કરો.

(ઈમામ મહદી - આખિરૂઝ ઝમાન - અજ. બિહાર ભા.૫૨, પા.૧૮૨)



# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



મોહમ્મદ અબ્બાસ બી.
રાજુલા સીટી.



પોપટીયા જહીર અબ્બાસ એફ.
સુલેમાન ખાકુ પાર્ક, ખોજા સોસાયટી, રાજુલા.



જમાણી કોમેલ અબ્બાસ એ.
રાજુલા.




રાજાણી કાઝીમ અબ્બાસ એ.
શીવાજી ચોક, રાજુલા.



મોહમ્મદ સાદીક અમીરી



કૈફી મોહમ્મદ અબ્બાસ

# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



બાલવા મોહમ્મદ રઝા રોશન અલી.
મેતા.



બાલવા મોહમ્મદ રઝા રોશન અલી.
મેતા.



ભીમાણી હસનૈન એ.
મહેન્દ્રપુરા, શેરી નં.-૧૧, મોરબી, જી. રાજકોટ.




ભોજાણી મીસમ આઈ.
હવેલી ચોક, રાજુલા.

# સાચા જવાબો

*વહાલા બાળકો !*

ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.

| સવાલ | જવાબ |
|---|---|
| ૧ | (ડ) અહલેબૈત (અ.સ.) |
| ૨ | (અ) શાબાન |
| ૩ | (અ) વિલાદત |
| ૪ | (ડ) તમામ સાચા જવાબો |
| ૫ | (ક) જનાબે ફાતેમા બિન્તે અસદ |
| ૬ | (ડ) ૬૩ વર્ષ |
| ૭ | (ક) જનાબે ઈમામ અલી (અ.સ.) |
| ૮ | (અ) ૩ રજ્જબ |
| ૯ | (અ) અમ્ર બિન અબ્દેવુદ |
| ૧૦ | (બ) ૨૭ રજ્જબ |



હાજીનાજી બોર્ડીંગમાં યોજાયેલ ૨૦માં વાર્ષિક સમારંભના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓના નામ તથા માર્કસ નીચે મુજબ છે.

| ક્રમ | વિદ્યાર્થીઓના નામ | ધોરણ | ટકા |
|---|---|---|---|
| ૧ | દેવજાણી શરાફત હૈદરઅલી (સેલ્વાસ) | ૯ | ૯૧% |
| ૨ | જામાણી મીસમ રઝા મોહમ્મદ હૈદર (સુરત) | ૭ | ૯૦% |
| ૩ | દેવજાણી અલ્તાફ રમઝાનઅલી (સુરત/ભદ્રાવળ) | ૧૦ | ૭૬% |

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

અમદાવાદ : (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬
(૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮
(૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪
ભાવનગર : મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪
મહુવા : (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨
(૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩
કાણોદર : નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧
ભરૂચ : જાવેદભાઈ ડોસાણી
સેલવાસા : ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮
ધોળકા : (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી
ડેડીયાપાડા : રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧
તળાજા : મોહસીન અલી જી. ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦
રાજૂલા : મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦
સીહોર : મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨
મુંબઈ : અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**





**HADI MASIK**

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**





Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*